જિંગલ જિંગલ ZAGMAG

બોલતું ઝગમગ

પરીની બાળવાર્તા

કિરણબેન પુરોહિત

પરી છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતી હતી. આજે તેની શાળામાં એક વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી, જેનો વિષય હતોય 'આપણો સાહિત્ય વારસો'. આ વિષય પર વિદ્યાર્થીઓએ પોતાના વિચારો રજૂ કરવાના હતા. પરી ભારે ઉત્સાહમાં હતી, કારણ કે તેણે આ વિષય પર ખૂબ ઊંડો અભ્યાસ કર્યો હતો. સ્પર્ધામાં પરીએ ગુજરાતના સમર્થ સાહિત્યકારો, કવિઓ અને ઇતિહાસકારોના અમૂલ્ય પ્રદાન વિશે અસ્ખલિત વાણીમાં સુંદર રજૂઆત કરી. તેના મનનીય વક્તવ્યને કારણે સમગ્ર શાળામાં તેનો પ્રથમ ક્રમાંક આવ્યો.

પરીને બાળપણથી જ સાહિત્ય પ્રત્યે અનહદ લગાવ હતો. તેને પુસ્તકો વાંચવાનો ભારે શોખ હતોત તેણે બાળવાર્તાઓ અને ટૂંકી વાર્તાઓના ઢગલાબંધ પુસ્તકો વાંચી કાઢ્યા હતા. તે પોતાના દાદા-દાદી પાસેથી પણ રોજ રાત્રે વાર્તાઓ સાંભળતી. તેમના સમયની અવનવી લોકકથાઓ, રાજારાણીની પરંપરાગત વાર્તાઓ તેમજ રામાયણ અને મહાભારતના પ્રેરક પ્રસંગો તેણે દાદાજી પાસેથી રસપૂર્વક સાંભળ્યા હતા.

આજના આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) અને ડિજિટલ યુગમાં મોટાભાગના બાળકો જ્યારે સ્માર્ટફોન, વિડિયો ગેમ્સ અને ઇન્ટરનેટમાં રચ્યાપચ્યા રહે છે, ત્યારે પરીનું મન માત્ર પુસ્તકોના વાંચન અને લેખનમાં જ પરોવાયેલું રહેતું. તેના દાદા હંમેશાં સમજાવતા કે મોબાઈલનો અતિરેક બાળકના માનસિક વિકાસને રુંધી નાખે છે, જ્યારે ઉત્તમ પુસ્તકો સંસ્કાર અને કલ્પનાશક્તિનું સિંચન કરે છે.

પરીને બાળપણથી જ સાહિત્ય પ્રત્યે અનહદ લગાવ હતો. તેણે બાળવાર્તાઓ અને ટૂંકી વાર્તાઓના ઢગલાબંધ પુસ્તકો વાંચી કાઢ્યાં હતાં.

પરી શાળાની પુસ્તકાલયમાંથી અવારનવાર નવાં પુસ્તકો ઘરે વાંચવા લાવતી. તેના માતા-પિતા પણ વાંચનના શોખીન હતાંત તેઓ નગરની જાહેર લાઇબ્રેરીમાંથી ઝવેરચંદ મેઘાણી, ઉમાશંકર જોશી, ચંદ્રકાંત બક્ષી ઉપરાંત જીવરામ જોષી અને રમણલાલ સોની જેવા પ્રસિદ્ધ સાહિત્યકારોનાં પુસ્તકો લઈ આવતાં. આમ, આખા ઘરમાં સાહિત્યિક વાતાવરણ મહેકતું હતું.

પરીનું મોટું સ્વપ્ન એક સફળ લેખિકા બનવાનું હતું. તેણે નાની નાની બાળવાર્તાઓ લખવાની શરૂઆત કરી. પરિવારના વડીલોના સ્નેહ અને માર્ગદર્શનથી જોતજોતામાં તેણે ઘણી રસપ્રદ વાર્તાઓ તૈયાર કરી લીધી. તેના માતા-પિતાએ તેને પ્રોત્સાહિત કરીને આ વાર્તાઓનું એક સુંદર પુસ્તક પ્રકાશિત કરાવ્યું.

પોતાનું પ્રથમ બાળવાર્તા સંગ્રહનું પુસ્તક પ્રગટ થતાં શાળાના પ્રાર્થના સંમેલનમાં પરીનું વિશેષ બહુમાન કરવામાં આવ્યું.

શાળાના આચાર્યશ્રીએ તમામ વિદ્યાર્થીઓને પ્રેરણા આપતાં જણાવ્યુંથ 'આ આધુનિક ટેક્નોલોજીના દોરમાં પરી જેવી નાનકડી દીકરી પાસેથી આપણે સૌએ શીખવા જેવું છે. જ્યાં નવી પેઢી સ્ક્રીન સામે સમય વેડફે છે, ત્યાં પરી પુસ્તકોની સાધના કરીને મૌલિક સર્જન કરે છે. તમારે સૌએ પણ પુસ્તકોને પોતાના સાચા મિત્ર બનાવવા જોઈએ.'

આ QR-કોડ સ્કેન કરો

શાળા તરફથી પરીને વિશેષ ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં. આચાર્યશ્રીએ પુસ્તકની અનેક નકલો મંગાવીને શાળાના પુસ્તકાલયમાં કાયમી સ્થાન આપ્યું. આ ગૌરવથી પરીનો આત્મવિશ્વાસ બેવડાઈ ગયો અને તેના હૃદયમાં નવું નવું સાહિત્ય સર્જન કરવાનો ઉત્સાહ વધુ પ્રબળ બન્યો. ■



મજાનું પુસ્તક



પુસ્તક રે પુસ્તક,
મારું મજાનું પુસ્તક!
બાળગીત ને બાળવાર્તાનું પુસ્તક,
મારો સાચો દોસ્ત છે પુસ્તક!
દુનિયાની સફર કરાવે પુસ્તક,
અખૂટ જ્ઞાનનો ભંડાર પુસ્તક!
વાંચન રસ જગાવે પુસ્તક,
શબ્દભંડોળ વધારે પુસ્તક!
કલ્પનાની પાંખે ઉડાડે પુસ્તક,
વિચારોનું વૃંદાવન તે પુસ્તક!
સાચું ને સારું શીખવે પુસ્તક,
સારા રસ્તે દોરે તે પુસ્તક!
પુસ્તક પ્રેમી બનો જો તમે,
પ્રગતિ પંથે પુલકિત થાશો તમે!

- મીના પટેલ



દીકરી મારી હેતની હેલી

દીકરી મારી, હેતની હેલી,
માતા હીંચોળે હરખઘેલી,
નિદમાં પોઢજે રે... દીકરી.
રેશમની દોરી, તાણી ઝુલાવે,
ગીત મધુરા ગાઈ સંભળાવે.
પારણિયે પોઢજે રે... દીકરી.
પારણિયે પોપટને ઘુઘરા ધમકે,
ગોળ ગોળ ફરતું ઝૂમ્મર ચમકે.
મલકાતી પોઢજે રે...દીકરી.
માતાની મમતાને પિતાના વ્હાલને,
ગુલાબી હોઠને તારા ગુલાબી ગાલને.
હાલરડે પોઢજે રે...દીકરી.
આખો દિ'તું સુઈને રાતે જગાડતી.
મા-બાપની તું લાડકવાયી ગણાતી.
શાંતિથી પોઢજે રે...દીકરી.
ખરાબ નજરથી ભોળી ના ડરતી.
કાળું ટપકું એના ગાલે રે કરતી.
પડખે પોઢજે રે...દીકરી.
દીકરી તો મારી દેવની દીધેલી.
દીકરા જેમ એને મોટી કીધેલી.
હીંચકે પોઢજે રે...દીકરી.

- મણિલાલ શ્રીમાળી 'મિલન'

ચિત્રમાં સુંદર રંગ પૂરો



ટપકાં જોડીને ચિત્ર પૂરું કરો



કહેવતોની કરામત

મિત્રો, અહીં કેટલીક કહેવતો આપી છે. બધી કહેવતો અધૂરી લખી છે તો નીચેના BOXમાંથી ગોતીને લખો.

(૧) આંબા તો ક્યાંક ઊગે .....
(૨) સોટી વાગે ચમચમ ને .....
(૩) આપ્યું ને તાપ્યું .....
(૪) ઘર જોવા કરતાં .....
(૫) આગે આગે .....
(૬) કજિયાનું મુળ હાંસીને .....
(૭) સોનીની સો ને .....
(૮) આંગળા ચાટે કંઈ
(૯) ખાળે ડૂચા ને .....
(૧૦) ઊંઘ વેચીને .....



(૧) દરવાજા મોકળા, (૨) વર જોવો સારો, (૩) પેટ ન ભરાય, (૪) રોગનું મૂળ ખાંસી, (૫) ઉજાગરો લીધો, (૬) લુહારની એક, (૭) વિદ્યા આવે ધમધમ, (૮) ગોરખ જાગે, (૯) બાકી બાવળિયા બધે મળે, (૧૦) બેસી રહેતું નથી

કહેવતોની કરામતનો જવાબ :
(૧) આંબા તો ક્યાંય ઊગે બાકી બાવળિયા બધે મળે.
(૨) સોટી વાગે ચમચમ ને વિદ્યા આવે ધમધમ (૩) આપ્યું ને તાપ્યું બેસી રહેતું નથી (૪) ઘર જોવા કરતાં વર જોવો સારો (૫) આગે આગે ગોરખ જાગે
(૬) કજિયાનું મૂળ હાંસી ને રોગનું મૂળ ખાંસી
(૭) સોનીની સો ને લુહારની એક (૮) આંગળા ચાટે કંઈ પેટ ન ભરાય
(૯) ખાળે ડૂચા ને દરવાજા મોકળા (૧૦) ઊંઘ વેચીને ઉજાગરો લીધો

GUESS THE WORD QUIZ



FIND 5 DIFFERENCES





બચતનો સદુપયોગ

અર્જુનસિંહ કે. રાઉલજી

શિવુ હાથમાં માટીનો ગલ્લો લઈને બેઠી હતી. દાદીમાએ સ્નેહપૂર્વક પૂછ્યું, ‘બેટા શિવુ, તું ગલ્લો ખોળામાં લઈને કેમ બેઠી છે? શું વિચાર ચાલી રહ્યો છે તારા મનમાં?’

શિવુ ક્ષણભર દાદીમા સામે તાકી રહી, પછી ઉત્સાહથી બોલી, ‘દાદીમા, હું આ ગલ્લો ફોડું છું. આજે અમે બધી બહેનપણીઓ હોટેલમાં જવાનાં છીએ-પીત્ઝા પાર્ટી, કોલ્ડ ડ્રિંક્સ અને પછી સિનેમાઘરમાં સરસ મજાનું પિક્ચર! ફૂલ એન્ટરટેઇનમેન્ટ, નો ટેન્શન! બસ એન્જોય, એન્જોય અને એન્જોયમેન્ટ! એ મોજમસ્તી માટે જ હું મારી બચતનો આ ગલ્લો તોડું છું. મારી ખાસ સખી નિશુના પપ્પા પાસે મોટી ગાડી છે, તેઓ ગાડી લઈને આપણને લેવા આવવાના છે. અમે બધી બહેનપણીઓ સાથે જ જઈશું. બરાબર બપોરે બાર વાગ્યે આપણા ફળિયાના નાકે ગાડી આવી જશે.’

બધી બહેનપણીઓ દાદીમા સામે જોઈ રહી. શિવુને મનમાં સહેજ ચિંતા થઈ કે ક્યાંક દાદીમા અમારી પાર્ટીના રંગમાં ભંગ ન પડાવે તો સારું! દાદીમા શિવુના મનનો ભાવ પારખી ગયાં

દાદીમા તેના ઉત્સાહી ચહેરા સામે સ્મિત સાથે જોઈ રહ્યાં અને પછી બોલ્યાં, ‘બેટા, તમે હોંશે હોંશે જાવ, મિત્રો સાથે મોજમસ્તી કરો એનો મને સહેજ પણ વાંધો નથી, પરંતુ અત્યારે ઋતુ બદલાઈ રહે છે. ઠંડીનો ચમકારો પણ છે, ને ક્યારેક ગરમી પણ લાગે છે. આવા વાતાવરણમાં ક્યાંક માંદા ન પડી જવાય.’

‘ડોન્ટ વરી ગ્રાન્ડમા! એમની ગાડી તો એસી અને હીટર બન્ને છે, એટલે અમને જરાય તકલીફ નહીં થાય,’ શિવુએ હસતાં હસતાં કહ્યું.

શિવુ જે ફળિયામાં રહેતી હતી, તે ગામના પ્રવેશદ્વાર પર જ સૌથી પહેલું આવતું. ગામની અંદર કે મુખ્ય બજારમાં જવું હોય તો આ ફળિયાના રસ્તે થઈને જ પસાર થવું પડે. શિવુએ ઉત્સાહભેર ગલ્લો ફોડ્યો. અંદરથી નીકળેલા સિક્કા અને નોટોમાંથી જરૂરી પૈસા પોતાના પર્સમાં મૂકી દીધા અને બાકીની રકમ દાદીમાને સાચવવા આપી દીધી. તે ઝડપથી નવાં કપડાં પહેરીને તૈયાર થઈ ઘરની બહાર નીકળી પડી.

બપોરના બાર વાગ્યા હતા. શિવુ ચાલતી ચાલતી ફળિયાની બહાર નીકળતી હતી, ત્યાં જ તેની નજર અચાનક સામે પડી. રોજ માથે મોટો ટોપલો ઉપાડીને તાજાં શાકભાજી વેચવા આવતાં સવિતાકાકી ફળિયામાં પ્રવેશતાં જ ચક્કર ખાઈને જમીન પર ઢળી પડ્યાં! તેમનો ટોપલો પણ હાથમાંથી છટકીને ઊંધો વળી ગયો અને શેરીના ધૂળિયા રસ્તા પર શાકભાજી વેરણછેરણ થઈ ગયાં.

શિવુની નજર પડતાં જ તે પળનોય વિલંબ કર્યા વગર દોડી. તેણે જમીન પર પટકાતાં સવિતાકાકીને ટેકો આપીને બેઠાં કર્યાં અને પૂછ્યું, ‘શું થયું કાકી? અચાનક આમ કેમ પડી ગયાં?’

કાકી કંઈ બોલે તે પહેલાં તો શિવુએ પોતાની વોટરબેગમાંથી ઠંડું પાણી કાઢી તેમને પીવડાવ્યું. બે ઘૂંટડા પાણી પીધા પછી કાકી થોડાં સ્વસ્થ થયાં અને હાંફતાં બોલ્યાં, ‘બેટા, આંખે અંધારા આવી ગયાં ને ચક્કર આવી ગયા!’

એટલામાં તો નિશુ અને બીજી સખીઓ પણ ત્યાં દોડી આવી. તેમણે રસ્તા પર વેરાયેલાં શાકભાજી વીણીને ટોપલામાં સરખાં ભરવા માંડ્યાં. નિશુ બોલી, ‘કાકીની તબિયત બગડી ગઈ છે અને ચક્કર આવે છે, ચાલો આપણે એમને લીંબુનું શરબત પીવડાવીએ.’

બધી છોકરીઓ સવિતાકાકીને બંને બાજુથી ટેકો આપીને શિવુના ઘેર લઈ ગઈ અને શાકનો ટોપલો નજીકના ઓટલા પર મૂકી દીધો. ત્યાં સુધીમાં શિવુના દાદીમા પણ દોડી આવ્યાં. તેમણે મામલો સમજીને તાત્કાલિક ઠંડું લીંબુ-શરબત બનાવી સવિતાકાકીને પીવડાવ્યું. થોડીવાર પંખા નીચે આરામ કર્યા પછી કાકીને સંપૂર્ણ રાહત થઈ, એટલે તેઓ સૌનો આભાર માની શાક વેચવા આગળ નીકળી પડ્યાં.

હવે બધી બહેનપણીઓ રેસ્ટોરાંમાં જવા માટે ઊભી થઈ. ફળિયાના નાકે ગાડી પણ આવીને ઊભી રહી ગઈ હતી.

ત્યાં જ દાદીમા બોલ્યાં, ‘દીકરીઓ, જો તમે મારી વાત સાંભળવા તૈયાર હો, તો હું તમને એક નાનકડી સલાહ આપવા માગું છું.’

બધી બહેનપણીઓ દાદીમા સામે જોઈ રહી. શિવુને મનમાં સહેજ ચિંતા થઈ કે ક્યાંક દાદીમા અમારી પાર્ટીના રંગમાં ભંગ ન પડાવે તો સારું!

દાદીમા શિવુના મનનો ભાવ પારખી ગયાં અને વહાલથી બોલ્યાં, ‘દીકરીઓ, તમે હોટેલમાં જાવ, પાર્ટી કરો અને મોજ માણો એનો મને કોઈ વિરોધ નથી. પરંતુ સાથે સાથે આ બચતમાંથી થોડું પરોપકાર અને સેવાનું સત્કર્મ પણ કરો તો કેટલું સારું! ગરીબો અને અબોલ જીવોના અંતરના આશીર્વાદ મળે તો આપણો ભવ સુધરી જાય.’

‘અમારે શું કરવાનું છે દાદી?’ નિશુએ કુતૂહલથી પૂછ્યું.

દાદીમાએ ગંભીર બનીને સમજાવ્યું, ‘બેટા, મનુષ્યોથી માંડીને પશુ-પંખીઓ સૌને પાણીની જરૂર પડે. ઉનાળામાં ધોમધખતા તાપમાં પાણીના અભાવે એક તરસ્યું કબૂતર આપણા વાડામાં ચક્કર ખાઈને બેભાન પડી ગયું હતું, એ તેં પણ જોયું હતું ને બેટા?’

‘હા દાદીમા, એ તો મેં જોયું હતું. પણ એમાં અમારે શું કરવાનું?’ શિવુએ પૂછ્યું.

દાદીમાએ રસ્તો બતાવ્યો, ‘મારું કહેવું એમ છે કે તમે તમારી આ બચતમાંથી થોડાંક માટીનાં કૂંડાં ખરીદી લાવો. તમે દરેક સખી પોતપોતાના ઘરના આંગણામાં, અગાસી પર કે વાડામાં એ કૂંડાં મૂકીને રોજ સવારે તેમાં તાજું પાણી ભરો, જેથી અબોલ પંખીઓ પોતાની તરસ છીપાવી શકે. ભલે ગરમી ઓછી થઈ ગઈ, પણ પક્ષીઓને તરસ તો લાગે જ. થોડાંક કૂંડાંમાં ચણ નાખો જેથી પક્ષીઓ ભૂખ્યાં ન મરે. વળી, પાંચ-દસ માટીનાં દેશી માટલાં ખરીદી લાવો. સવારે જ્યારે મીઠું પાણી આવે ત્યારે એ માટલાં ભરીને આપણા ફળિયાના નાકે જાહેર રસ્તા પર મૂકી દો. આજકાલ પાણીની પરબ ક્યાંય દેખાતી નથી, પણ તમે તમારી રીતે નીકળતા ગરીબ મજૂરો, રાહદારીઓ અને સવિતાકાકી જેવા ફેરીવાળાઓ ઠંડું પાણી પીને પોતાની તરસ મિટાવી શકે!’

દાદીમાની વાત પૂરી થતાં જ તમામ બહેનપણીઓએ ઉત્સાહભેર તાળીઓ પાડીને આ સુંદર વિચારને વધાવી લીધો!

નિશુ અને શિવુ એકીઅવાજે બોલી ઊઠી, ‘દાદીમા, થોડીક શા માટે? અમારી ગલ્લાની તમામ બચત હવે અમે રેસ્ટોરાંમાં ઉડાડવાને બદલે આ પુણ્યના કામમાં જ વાપરીશું!’

તમામ સખીઓ પળવારનોય વિલંબ કર્યા વિના ગાડીમાં બેસી કુંભારવાડા તરફ નીકળી પડી-અબોલ પંખીઓ માટે કૂંડાં અને વટેમાર્ગુઓ માટે માટીનાં માટલાં ખરીદવા!

‘દીકરીઓ, તમે હોટેલમાં જાવ, પાર્ટી કરો અને મોજ માણો એનો મને કોઈ વિરોધ નથી. પરંતુ સાથે સાથે આ બચતમાંથી થોડું પરોપકાર અને સેવાનું સત્કર્મ પણ કરો તો કેટલું સારું!’

બોધ

સાચો અને ચિરંજીવ આનંદ ક્ષણિક મોજશોખ કે પાર્ટી-સિનેમામાં નહીં, પરંતુ નિઃસ્વાર્થ પરોપકાર અને માનવતાની સેવામાં રહેલો છે. ■

Hello, hello… Jingle Jingle Cutie Champs!



How about putting your imagination to work and writing a short story for Jingle Jingle Zagmag?

Or maybe you've got a poem you'd love to share with your fellow Cutie Champs?

What are you waiting for?

What are you waiting for? Get to your keyboard or grab your pens... and start writing!

Just remember - your story or poem must be original, well-written, and grammatically perfect.

We can't wait to see what you create, Cutie Champs!

Send your story or poem to us at: Jingle Jingle Zagmag, Gujarat Samachar, Near J.P. Chawk, Khanpur, Ahmedabad 380001, Gujarat.

Or even better, email it straight to us at: Zagmag.content@gmail.com

The Day the Lights Went Off

Aarika K. Zala

It was the year 2025. One morning, people all over the world woke up and realized that electricity had gone forever. No lights, no fans, no mobile phones, no television.

One morning, Aarika, a 10-year-old girl, rubbed her eyes and pressed the switch,but nothing happened. Her parents' phone had no battery, the refrigerator was no longer cold, and the lift in her building had stopped working. Everyone in the building looked worried and confused. To her surprise ,the whole city felt strangely quiet.



At first, life became very difficult. Schools closed for some days. Hospitals had problems running their equipments . Nights felt darker than ever. Aarika missed her few online classes, watching cartoons, and charging her tablet. As days passed, the city slowly started to adjust . Shopkeepers decided to open the shops early so they could use the morning sunlight. Students began carrying notebooks and pencils instead of tablets. Neighbours met each other while pulling water from wells or hand pumps. In the beginning many people complained, but slowly they began to notice small changes. Children started having great fun playing on open grounds. Grandparents shared interesting stories with their grandchildren. Families talked more because there were no screens to look at.

Aarika started writing down , different ideas she saw people trying , in a small notebook. Some people made small wind wheels to help to pull water.

Watching everyone try new things, Aarika felt that people's ideas could sometimes shine even brighter than electricity.

Aarika still remembers, one evening she was sitting on the terrace and looking at the stars. The sky seemed clearer than she had ever seen before. She could hear birds clearly and feel the cool evening breeze. Suddenly she remembered the stories her grandmother used to tell about life before electricity.

At that moment, Aarika had an idea.

The next day she called her friends and some neighbours together. She spoke with excitement.

"Electricity may be gone," she said, "but our brains and hearts are still working."

People started thinking of simple ways to make life easier again. People started to wake up early in morning, finishes most of their work during daytime and at night they lit oil lamps. Schools reopened under big shady trees. Children studied by reading books and writing on slates. Water was pulled using hand pumps, and meals were cooked on clay stoves.

Schools closed for some days. Nights felt darker than ever. Aarika missed her few online classes, watching cartoons, and charging her tablet.

Soon Aarika started a small group called the "Sun Club." In the club people shared ideas about using nature to help them. They learned to cook food using solar cookers and built small windmills. Aarika made them to understand that , the Sun is the ultimate source of energy and that it never runs out. Some neighbours used windmills to pump water and grind grains.

Slowly people in the neighbourhood started changing their habits . People felt blessed reliving their family life . Children enjoyed playing outdoor games again and spending time in nature.

People started feeling that now life became slower but happier .

One year later the world looked very different. There was still no electricity, but there was light in every home- the light of kindness, teamwork, creativity, and new ideas.

Aarika smiled and wrote in her diary:

Electricity was lost , but a better way to live a life was discovered . ■

The Treasure of Sundarpur

Neha Chaudhari

In the peaceful village of Sundarpur lived an old man named Hari Patel. He was very poor and lived alone in a small house after the death of his beloved wife, Meera. Although life was difficult, Hari never begged from anyone. Every day, he worked hard in the fields and did small jobs around the village to earn enough money for food.

Hari owned very few things. His clothes were old, and his house was simple. However, he had one precious possession-a gold necklace that had belonged to Meera. Before she passed away, she had given it to Hari as a symbol of their love. Many villagers advised him to sell the necklace and use the money to live comfortably, but Hari always refused. To him, the necklace was worth far more than its price because it carried the memories of his wife.

One dark night, a thief named Raju came to Hari's house. He had heard about the gold necklace and planned to steal it. Before entering, he looked through the window and saw Hari sitting beside a small oil lamp, carefully mending a torn shirt. The old man looked weak and tired, yet he continued working with patience. Seeing this, Raju was surprised. Even in poverty, Hari chose to live through honest work.

The next night, Raju quietly entered the house. He found the necklace hidden inside a wooden box beneath Hari's bed. As he opened the box, he noticed a folded letter written by Meera. Curious, he read it.

The letter spoke about love, honesty, and the importance of hard work. At the end, Meera had written: "True wealth is not gold or money. It is the goodness and honesty in a person's heart."

Those words touched Raju deeply. He looked around the small house and realized that Hari had very little, yet he lived with dignity and self-respect. Raju suddenly felt ashamed of his own actions.

Instead of stealing the necklace, he carefully placed it back in the box. Before leaving, he wrote a note and left it near the door.



The next morning, Hari found the note. It said: "I came here to steal your necklace, but your life and your wife's words taught me a valuable lesson. From today, I will earn my living honestly. Thank you for changing my life."

Hari smiled as he read the message. He never saw Raju again, but he hoped the man had truly changed.

Years later, people spoke of an honest and hardworking carpenter named Raju. Whenever someone praised him, he remembered the old man from Sundarpur and the lesson that changed his life forever.

Moral

Honesty, hard work, and a good heart are the greatest treasures in life. ■

CHAMPION ON THE CHESSBOARD:

HOW TO WIN BOTH GAMES!

Hi!

I am 15 years old and a Class 10 student. I have two problems, and I would love some advice. 1. I am a class topper, but I struggle to remember short answers.

I usually do well in my studies and score good marks. However, I have difficulty remembering short answers. Even after studying them, I sometimes forget them during examinations. How can I improve my memory and remember answers more easily?



2. I am good at chess, but I cannot qualify for state-level competitions. I am also a chess player and enjoy playing the game. I have participated in district-level competitions two or three times. I have won more than half of my matches, but I still haven't managed to qualify for the state-level competition. I feel I am capable of doing better, but somehow I cannot give my best when it matters.

What should I do to improve my performance and achieve my goal? Please guide me!

- Ajay Somaiya

Being good at studies and being passionate about chess are two wonderful achievements, but both come with their own challenges. A young student, Ajay Somaiya, has two questions: How can he improve his memory, and how can he make it to the state-level chess competition? Let's help him find the answers with some practical tips, a little strategy and a lot of encouragement!

DEAR AJAY,

First of all, congratulations! Being a class topper and a chess enthusiast at the age of 15 is quite an achievement. You already have two important qualities: the ability to work hard and the desire to improve.

But here's something interesting: your two problems may have something in common. Both studying and chess require concentration, practice, patience and the ability to perform under pressure.

Let's tackle them one by one!

Short answers playing hide-and-seek with your memory?

Ajay, here's a little secret: Remembering something is not the same as reading it repeatedly.

You may read an answer five times and still forget it. Why? Because your brain sometimes recognises information while reading but struggles to recall it independently.

Try these five tricks:

■ **Read, close and recall:** Read a short answer carefully. Now close your book and try to explain it in your own words. Don't peek! This is called active recall, and it is one of the most effective ways to strengthen memory. ■ **Break it into bite-sized pieces:** Don't try to memorise an entire answer at once. Divide it into three or four small points. Remember the keywords first and then build the sentences around them.

■ **Become your own teacher:** Pretend you are explaining the answer to a younger student. Speak aloud, use simple language and explain the concept without looking at your notebook. If you can teach it, you probably understand it!

■ **Revise at the right time:** Don't study an answer today and expect it to remain in your memory forever. Revise it after a few hours, the next day, after three days and again after a week. This technique is called spaced repetition.

■ **Sleep well:** Your brain needs proper rest to organise and retain what you have learnt. Avoid sacrificing sleep for last-minute revision. And here's a fun challenge: Make flashcards! Write a question on one side and its answer or important keywords on the other. Test yourself every day. Turn revision into a game rather than a punishment.

Remember, Ajay, you don't need to memorise every sentence word for word. Understand the answer, remember its important points and express them clearly in your own words, wherever the examination permits.



Chess: Checkmate your way to the state championship!

Now, let's move to the chessboard! Winning more than half your matches at district-level competitions is encouraging. It means you are already a competitive player. But qualifying for the state tournament requires something more than simply knowing how to play good chess. You need consistency.

Here are some suggestions:

■ **Analyse every game:** This is probably the most important habit you should develop. After every tournament, review your games, especially the ones you lost or drew. Identify where you made mistakes. Did you overlook an opponent's threat? Did you waste time? Did you miss a winning move? Use a chess engine, such as Stockfish, after analysing the game yourself. First think independently, then compare your observations with the engine.

■ **Strengthen your fundamentals:** Practise tactical puzzles every day. Focus on forks, pins, discovered attacks, double attacks and checkmate patterns. These are the building blocks of strong chess.

■ **Work on your openings and endgames:** You don't need to memorise dozens of opening variations. Understand the ideas behind a few openings you enjoy playing. Also practise basic endgames, especially king-and-pawn positions and rook endgames.

■ **Play against stronger opponents:** Playing with someone better than you can expose weaknesses you may not notice otherwise. Ask them to explain where you went wrong. A good coach can also help identify patterns in your mistakes.

■ **Learn to manage tournament pressure:** Sometimes players perform brilliantly during practice but become nervous in important matches. Practise playing games with a clock, just as you would in a tournament. Before every move, take a breath, check your opponent's threats and then decide.

■ **Maintain a chess diary:** Record your tournament results, mistakes, lessons learnt and areas that need improvement. This will help you track your progress rather than judging yourself only by wins and losses.

Play the long game!

Ajay, here's something I want you to remember: Don't measure your potential by one examination or one chess tournament. You are just 15. You have plenty of time to improve, experiment, make mistakes and discover your strengths. Set small weekly targets. For studies, aim to recall a fixed number of answers without looking at your books. For chess, solve a few tactical puzzles daily and analyse at least one of your games regularly.

All the best, young champion! ■

મધપૂડો

પણ વાઘણનું દૂધ લાવે કોણ?

આ મારા વનસાથીઓ છે... ડરશો નહિ.

વાઘબહાદુર ઐય્યપ્પા

રાણીમાતા ફક્ત વાઘણના દૂધ સાથેની દવાથી જ સારાં થઈ શકે તેમ હતાં. હવે વાઘણનું દૂધ તે વળી કોણ લાવે? બાળ બહાદુર ઐય્યપ્પા વાઘણ અને તેમનાં બચ્ચાઓનું લશ્કર લઈને જ આવી ગયો.



હરીશ નાયક

આપણે ત્યાં જેમ બાળકૃષ્ણની વારતાઓ છે તેમ જ દક્ષિણમાં બાળ ઐય્યપ્પાની વારતાઓ છે. ઐય્યપ્પા કાર્તિકેયનું રૂપ છે. દક્ષિણના એ જ ભગવાન છે. જેના મોટાં મોટાં અનુપમ અને અદ્‌ભુત મંદિરો છે. દક્ષિણમાં એમાંનાં મોટાભાગનાં ઐય્યપ્પાનાં મંદિરો છે.

પંડલમમાં રાજા રાજશેખરનું રાજ. પ્રજા સર્વ રીતે સુખી. રાજાજી ભલા, ઉદાર અને શૂરવીર પણ તેમને વારસ ન મળે.

એક વખત તેઓ વનમાં વિહાર કરતા હતા. ઋષિમુનિઓની પૂજા પ્રદક્ષિણા અને પ્રાર્થના એ જ રાજાનું કર્તવ્ય.

ત્યાં ઝાડીમાં એક નાનકડા બાળકનો રુદન સ્વર સંભળાયો. સાવ ઉઘાડો પણ ઉપર કોઈકે ઓઢણું ઓઢાડ્યું હતું, જે બાળકના પગથી નીકળી ગયું હતું.

રાજાને જોતાં જ બાળક હસવા લાગ્યો. રાજાએ આજુબાજુ જોયું. કોઈ જ ન હતું.

'સંતોની જ કૃપા...' રાજા મનમાં બોલી ઊઠ્યા. વંદન કર્યા વનવિહારીઓને, તપસ્વીઓને, ઉપાડી લીધું બાળક.

ઘરે લાવ્યા.

રાણીબા ખુશ. એકદમ ખુશ. કહે - 'મારા સપનામાં આ જ બાળક આવતો હતો. આ જ મણિકંદ.'

'કોણ?'

'મણિકંદ. હા, એનું નામ એ જ પાડવાનું વિદ્યાત્રીએ સપનામાં કહ્યું છે.'

મણિકંદ તો ઝડપથી મોટો થવા લાગ્યો. કોઈથી ડરે નહિ. ખડખડાટ હસે. ઝાડ પર ચઢી જાય. ઊંડા પાણીમાં ભૂસ્કા મારે. ખાઈ કૂદી જાય. પહાડ ચઢી જાય.

બધા લાડમાં એને ઐય્યપ્પા કહે.

ઐય્યપ્પા એટલે લાકડો, ડાહ્યો, લાલ, ભૂલકો, ભલો, વહાલો. જેમ આપણે આપણા નાનકાનું નામ પાડીએ છીએ તેમ જ.

હવે થયું એવું કે રાણીબાને બીજો પુત્ર સાચો. નામ તેનું રાજરાજન.

બંને ભાઈઓ સાથે મોટા થવા લાગ્યા પણ મંત્રીઓ, સંત્રીઓ, સલાહકારો, રાજરાજનને વધુ પસંદ કરે. તેઓ કહે - 'રાજાજી, રાજરાજન જ આપનો સાચો વારસ છે. ઐય્યપ્પા તો વનમાંથી મળ્યો છે. કોણ જાણે કોનો હશે?'

જોકે રાજા-રાણીને તો ઐય્યપ્પા જ વધુ ગમતો હતો.

મંત્રીઓએ અંદરોઅંદર જ નક્કી કર્યું કે ઐય્યપ્પાનો નિકાલ કરી દેવો. એટલે બે વચ્ચે સ્પર્ધા જ થશે નહિ.

એક વખત રાણીબા માંદા પડ્યાં. ઉપાય થયા પણ માંદગી વધતી જ ગઈ. વૈદરાજ કહે - 'બચવાનો એક જ ઉપાય છે. વાઘણના દૂધ સાથે જો આ ચાટણ લેવામાં આવે તો ઝટ ઉષ્મા આવે. રાણીબા ઝટ ઉભાં થાય. હા, દૂધ ઘણુંબધું જોઈએ.'

પણ વાઘણનું દૂધ લાવે કોણ?

મંત્રીઓનુ સૂચન ઐય્યપ્પા માટેનું હતું. અને ઐય્યપ્પા તો તૈયાર જ થઈ ગયો . તે કહે - 'જ્યાં સુધી વાઘણનું ઘણુંબધું દૂધ લઈને ન આવું, ત્યાં સુધી પાછો નહિ ફરું.'

ઐય્યપ્પાએ ધનુષબાણ ઉપાડ્યાં. પિતાજીના આશીર્વાદ માગ્યા. પિતાજીએ ધ્રૂજતે હાથે કહ્યું - 'જા, સફળ થા બેટા.'

ઐય્યપ્પા સીધો વાઘવનમાં પહોંચ્યો. આ તરફ વાઘ-વાઘણ અને વાઘનાં બચ્ચાંઓની કંઈ ખોટ ન હતી પણ એક આદિવાસી તીરંદાજે તેને હઠાવ્યો હરાવ્યો, પાછો પાડ્યો.

ઐય્યપ્પા કહે - 'કોણ છો આપ મને સારા કામે જતાં કેમ રોકો છો? હું વાઘણનું દૂધ મેળવવા જાઉં છું. એનો અર્થ કે હું વાઘ-વાઘણોની હત્યા નહિ જ કરું.'

'હું ઈન્દ્ર છું' પ્રગટ થઈને સ્વર્ગના રાજાએ કહ્યું - 'પહેલાં તું મહિષાસુરને માર. એ સ્વર્ગનું રાજ્ય પડાવી લેવા માગે છે. એને તું જ મારી શકશે. પછી જ તને વાઘણનું દૂધ મળશે.'

'મને બતાવો એ ક્યાં છે?' હજી ઐય્યપ્પા એટલું બોલે ત્યાં જ વિશાળ પાડાના આકારનો મહિષાસુર આવી પહોંચ્યો.

બે વચ્ચે જબરી લડાઈ થઈ.

આખું વન ખળભળી ઊઠ્યું.

ઐય્યપ્પાએ કંઈક વખત મહિષાસુરને ઊંચકી ઊંચકીને પછાડ્યો.

છેવટે એટલો ઊંચે ઊછાળ્યો કે નીચે પડતાં જ તે ફટ થઈ ગયો. હટ્ થઈ ગયો. ઢગલો થઈ ગયો.

ઈન્દ્ર અને બીજા દેવો પ્રગટ થયા.

તેઓ કહે - 'ચાલ, હવે તને વાઘણનું દૂધ આપીએ.'

ઓહોહોહો! એટલી બધી બચ્ચાંવાળી વાઘણો નજરે પડી કે ઐય્યપ્પા ખુશ થઈ ગયો. તેણે લડવા માટે તૈયારી કરી.

ઈન્દ્ર કહે - 'લડવાની જરૂર નથી. એ બધી વાઘણમાતાઓ તારી સાથે જ આવશે. તારે જોઈએ એટલું દૂધ તેઓ જાતે જ આપશે.'

વાઘ-વાઘણ અને વાઘબચ્ચાંઓને લઈને ઐય્યપ્પા પાછો આવ્યો.

લોકો તો ડરી મર્યા.

ઐય્યપ્પા કહે - ' આ બધાં મારા વનસાથીઓ છે. ડરશો નહિ. બધી વાઘણમાતાઓ મારી માતાને જોઈને તેટલું દૂધ આપશે, જાતે જ.'

વૈદો ચકિત થયા.

રાણીમાતા સારાં થઈ ગયાં.

ઐય્યપ્પાનો જયજયકાર થયો.

ઐય્યપ્પા કહે - 'મારે ગાદી નથી જોઈતી. હું આવા જ ભલાં કામો કરીશ. લોકોને ઉપયોગી થઈશ. ગાદી ભલે રાજરાજને મળે અને ભલે એ જ રાજ કરે.'

લોકોએ ઐય્યપ્પાને એથી મોટું રાજ્ય આપ્યું. તેને ભગવાન જ બનાવી દીધો. વાઘ બહાદુરનું જ બિરુદ આપી દીધું.

કહે છે કે વાઘણોનું જે સરઘસ આવ્યું હતું. એ સ્વર્ગની પ્રત્યક્ષ માતાઓ હતી. તેમનું અમૃત પામીને જ રાણીબા સજીવન થયાં.

આજે દક્ષિણના મંદિરે મંદિરે ઐય્યપ્પાની આવી સેંકડો વાર્તાઓ પ્રસિદ્ધ છે, પ્રચલિત છે. ■



દીવાનું અંધારું

દીવો પેટાવેલો હતો.

તેમાં તેલ હતું. તે આજુબાજુ પ્રકાશ પાથરતો હતો. ઠંડા પથરાતા પ્રકાશમાં જાણે સંગીતનો અનુભવ થતો હતો.

પણ ગર્વ કોને નથી થતો?

ગુમાનથી પર વળી કોણ રહી શકે છે? તેમાંય જ્યારે ભરપૂર ઈંધણ હોય ત્યારે?

દીવો વિચારવા લાગ્યો કે : હું જે કામ કરું છું તે સૂરજ પણ ન કરી શકે. મારો પ્રકાશ ઠંડો છે, શીતળ છે, ઓરડા માટે જરૂરી છે અને સૂરજ તો માત્ર દિવસમાં પ્રકાશે છે, જ્યારે હું તો રાતના અંધકારને પ્રકાશવંત બનાવી દઉં છું...'

તે હજી પોતાના અભિમાન વિષે આગળ વિચારે ત્યાં જ પવનનું એક જોરદાર ઝાપટું આવ્યું.

એ ઝપાટામાં દીવો થોડીવાર થરથરતો રહ્યો. સામનો કરી શક્યો નહિ. હોલવાઈ ગયો.

અંધારામાં દીવાસળી શોધતા એના માલિકે કહ્યું : સૂરજને કદી ફરી સળગાવવો પડતો નથો. એ ખ્યાલ કેમ તમને ના આવ્યો? માત્ર ઈંધણ હોય તેથી શું થવાનું છે? હવે દીવાસળી ક્યાં જડશે ? હોલવાયેલા દીવામાંથી હજીય બાકીનો ધુમાડો અંધારામાં અટવાતો હતો. ■

ચીકુ અને મીકુની કમાલ

અંજલિબા રાઠોડ



'ધડામ... ધૂં...!'

રામપુર ગામના એક નાના ઘરના ઓરડામાંથી જોરદાર ધડાકો સંભળાયો. ક્ષણવારમાં જ બારીમાંથી કાળોડિબાંગ ઘટ્ટ ધુમાડો બહાર નીકળવા લાગ્યો.

તેર વર્ષનો ચીકુ ખાંસતો ખાંસતો રૂમની બહાર દોડી આવ્યો. તેનો આખો ચહેરો મેશ જેવો કાળો થઈ ગયો હતો અને માથાના વાળ હવામાં વિખરાઈ ગયા હતા! તેની મમ્મી રસોડામાંથી હાથમાં વેલણ લઈને દોડતી આવી. ચીકુની આવી દશા જોઈને તે અકળાઈને બોલી, 'ચીકુ! વળી પાછો તેં ઓરડામાં શું ધડાકો કર્યો? તું તો કોઈ દિવસ આખું ઘર ઊડાવી દઈશ!'

ચીકુએ નિર્દોષ ભાવે હસીને પોતાના કાળા થયેલા દાંત બતાવ્યા અને કહ્યું, 'અરે મમ્મી, જરાય ગુસ્સો ન કર! જો, મારો નવો દોસ્ત બિલકુલ તૈયાર થઈ ગયો છે!' ચીકુ રૂમમાં ગયો અને નકામા પ્લાસ્ટિક તથા જૂનાં પૈડાંમાંથી બનાવેલો એક નાનકડો, ક્યૂટ રોબોટ લઈને બહાર આવ્યો. ચીકુએ તેની પીઠ પાછળનું લાલ બટન દબાવ્યું.

બટન દબાવતાં જ રોબોટની વાદળી આંખો એલઈડી લાઈટની જેમ ઝબૂકવા લાગી. તે પોતાના લોખંડના નાના-નાના પગે 'ખટ-ખટ' કરતો ચાલવા લાગ્યો અને કમ્પ્યુટર જેવા અવાજમાં બોલ્યો, 'હેલો મમ્મી! હું છું મીકુ, ચીકુનો નવો બેસ્ટ ફ્રેન્ડ!' આ અદ્ભુત દ્રશ્ય જોઈને મમ્મીનો બધો ગુસ્સો પળવારમાં ગાયબ થઈ ગયો.

આખા રામપુર ગામમાં સૌ ચીકુને 'નાનો સાયન્ટિસ્ટ' કહીને બોલાવતા. તે આખો દિવસ નકામી વસ્તુઓ ભેગી કરીને કંઈક અવનવું બનાવ્યા કરતો. હવે મીકુ તેનો પાકો ભેરુ બની ગયો હતો. મીકુ ચીકુને અભ્યાસમાં મદદ કરતો અને બંને આખો દિવસ સાથે જ રહેતા.

એક દિવસ રામપુર ગામમાં ભારે મુશ્કેલી આવી પડી. ગામની વચ્ચોવચ એક મોટો કૂવો હતો, જે સમગ્ર ગામને મીઠું પીવાનું પાણી પૂરું પાડતો હતો. એ કૂવાનું પાણી અચાનક પાતાળમાં ગરકાવ થઈ ગયું અને કૂવો સાવ કોરોધાકોર થઈ ગયો! આખું ગામ ચિંતામાં મુકાઈ ગયું કે હવે પીવાના પાણીની વ્યવસ્થા ક્યાંથી કરવી?

ગામના સરપંચે ચિંતાતુર અવાજે કહ્યું, 'જમીનની અંદરથી આવતો પાણીનો સ્રોત ક્યાંક રૂંધાઈ ગયો લાગે છે. પણ આટલા ઊંડા અંધારા કૂવામાં નીચે ઊતરીને કોણ તપાસ કરે? કોઈ માણસ નીચે જાય તો ઝેરી વાયુથી ગૂંગળામણ થઈ શકે છે.'

ચીકુ પણ ત્યાં ઊભો ઊભો બધું ધ્યાનથી નિહાળી રહ્યો હતો. તેને મનમાં એક સરસ વિચાર ઝબક્યો! તેણે આગળ આવીને કહ્યું, 'સરપંચ કાકા, તમે જરાય ચિંતા ન કરો! મારો દોસ્ત મીકુ કૂવામાં ઊતરશે. તેને શ્વાસ લેવાની કોઈ સમસ્યા નહીં નડે અને તેની અંદર હાઈ-રિઝોલ્યુશન કેમેરો પણ લાગેલો છે.'

ચીકુ એક મજબૂત દોરડું લાવ્યો અને મીકુની કમરે મજબૂતીથી બાંધી દીધું. ગામના ચાર-પાંચ બળવાન માણસોની મદદથી મીકુને ધીમે ધીમે ઊંડા અંધારા કૂવામાં ઉતારવામાં આવ્યો. કૂવાની બહાર કાંઠે ચીકુએ પોતાનું લેપટોપ ચાલુ કર્યું. સ્ક્રીન પર કૂવાના તળિયાનું લાઈવ દ્રશ્ય એકદમ ચોખ્ખું દેખાવા લાગ્યું. ગામલોકો વિસ્મયભરી નજરે સ્ક્રીન સામે તાકી રહ્યા.

કૂવાના છેક તળિયે પહોંચીને મીકુએ કેમેરાની નજર ફેરવી. સ્ક્રીન પર સ્પષ્ટ દેખાયું કે જ્યાંથી ભૂગર્ભ જળનો મુખ્ય પ્રવાહ કૂવામાં ફૂટતો હતો, ત્યાં લોકોએ બેદરકારીથી ફેંકેલો પ્લાસ્ટિકનો કચરો, મોટા તૂટેલા ડબ્બા, કચરાની થેલીઓ અને મોટા પથ્થરો ખડકાયેલા હતા!

કૂવાના છેક તળિયે પહોંચીને મીકુએ કેમેરાની નજર ફેરવી. સ્ક્રીન પર સ્પષ્ટ દેખાયું કે જ્યાંથી ભૂગર્ભ જળનો મુખ્ય પ્રવાહ કૂવામાં ફૂટતો હતો, ત્યાં લોકોએ બેદરકારીથી ફેંકેલો પ્લાસ્ટિકનો કચરો, મોટા તૂટેલા ડબ્બા, કચરાની થેલીઓ અને મોટા પથ્થરો ખડકાયેલા હતા! આ કચરાના ઢગલાને લીધે પાણીનો માર્ગ સાવ બંધ થઈ ગયો હતો.

ચીકુએ માઈકમાંથી કૂવામાં સૂચના આપી, 'મીકુ, તારી સામે જે પથ્થર અને પ્લાસ્ટિકનો કચરો છે, તેને તારા મજબૂત લોખંડના હાથ વડે હટાવી દે!'

મીકુએ ક્ષણનોય વિલંબ કર્યા વિના કામે લાગી ગયો. તેણે પોતાના મજબૂત હાથ વડે એક પછી એક વજનદાર પથ્થરો અને પ્લાસ્ટિકની કોથળીઓ ખેંચીને દૂર ખસેડવા માંડી. જેવો કચરો હટતો ગયો, તેમ તેમ અંદરથી જળપ્રવાહનું દબાણ વધવા લાગ્યું. છેવટે જેવો છેલ્લો મોટો પથ્થર હટાવ્યો, કે તુરંત જમીનમાંથી પાણીનો જોરદાર ફુવારો છૂટ્યો!

મીકુ મોટેથી સ્પીકરમાં બોલ્યો, 'ચીકુ, રસ્તો સાવ સાફ થઈ ગયો છે અને પાણી અત્યંત ઝડપથી ઉપર ચડી રહ્યું છે! મને જલદી બહાર ખેંચી લો!'

ચીકુ અને ગામલોકોએ સમય ગુમાવ્યા વગર પૂરી તાકાતથી દોરડું ખેંચીને મીકુને હેમખેમ બહાર કાઢી લીધો. મીકુ બહાર આવ્યો તેની ગણતરીની મિનિટોમાં જ આખો કૂવો મીઠા, શીતળ પાણીથી છલોછલ ભરાઈ ગયો!

આ જોઈ આખું ગામ હર્ષઘેલું થઈ ગયું અને 'જય હો... જય હો!'ના નારા ગૂંજી ઊઠ્યા. ગ્રામજનોએ દોડી આવીને ચીકુને ખભા પર ઊંચકી લીધોથ 'ધન્યવાદ નાના સાયન્ટિસ્ટ! આજે તેં અને તારા આ અદ્ભુત રોબોટે આખા ગામની તરસ છીપાવીને આપણને મહાસંકટમાંથી ઉગારી લીધા છે!'

સરપંચે તે જ ક્ષણે આદેશ જારી કર્યો- 'હવેથી કોઈ પણ વ્યક્તિ કૂવાની આસપાસ કચરો કે પ્લાસ્ટિક ફેંકશે તો તેને ભારે દંડ કરવામાં આવશે.'

બધાએ ચીકુ અને મીકુને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા. ચીકુએ ગર્વભેર પોતાના રોબોટ સામે જોયું, અને મીકુ હસતાં હસતાં ખટ-ખટ ચાલતો બોલ્યો-

'કુદરતની રક્ષા છે જ્યાં, ખુશીઓ અને વિજ્ઞાન આવે ત્યાં!' ■

When Imagination Becomes...
Continued from page 11

Why is this book important?

The Neverending Story is much more than a fantasy adventure. It explores the relationship between imagination and real life.

It tells us that imagination is not simply about escaping reality. It helps us understand ourselves, discover possibilities and find the courage to face our problems.

Bastian initially enters Fantastica because he feels lonely and unhappy. But he gradually discovers that escaping his difficulties is not the same as solving them.

The book also explores identity, friendship, love, memory and responsibility. It asks an important question: What happens when we get everything we wish for but forget what truly matters?

Its biggest message is that imagination is powerful, but it must be guided by love, wisdom and an understanding of who we are.

What should children learn from the book?

1. Believe in your imagination: Dreams and imagination can open doors to wonderful possibilities. Never be ashamed of being imaginative.

2. Be yourself: Bastian learns that he does not need to become somebody else to be special. Every child has something unique to offer.

3. Face your fears: Atreyu's journey teaches children that courage does not mean being fearless. It means moving forward despite fear.

4. Understand your wishes: Getting everything you want does not necessarily make you happy. Think carefully about what truly matters.

5. Value friendship and love: Real happiness comes from caring for others and building meaningful relationships.

6. Don't run away from reality: Books and imagination offer wonderful escapes, but we must also learn to face our everyday challenges.

Final Words:

Every Child Deserves a Little Magic! The Neverending Story reminds us that growing up does not mean giving up our imagination. It teaches children to dream, explore, make mistakes and discover their own identity.

The book was also adapted into the popular 1984 film directed by Wolfgang Petersen. Two film sequels followed in 1990 and 1994. Television adaptations included an animated series (1995-96) and Tales from the Neverending Story (2001-02). The original novel, however, tells a much longer and deeper story than the first film.

So, encourage children to pick up this book. They might begin by reading about a magical kingdom, but they may end up discovering something wonderful about themselves! ■

આપણા સ્વાતંત્ર્ય નાયકો

સુનીતિ ચૌધરી



ચૌદ વર્ષની ઉંમરે અંગ્રેજ જજને પિસ્તોલની ગોળીએથી મોતને ઘાટ ઉતારનાર સુનીતિ ચૌધરી બંગાળની વતની હતી. એ વખતે બંગાળના કોમિલા જિલ્લામાં સ્ટીવેંસ નામનો એક ક્રૂર અંગ્રેજ જજ ફરજ બજાવતો હતો. ક્રાંતિકારી આંદોલનને કચરી નાંખવા એ ક્રાંતિકારીઓને કઠોરમાં કઠોર સજા કરી રહ્યો હતો. ક્રાંતિકારીઓને આ જજ પ્રત્યે ગળા સુધી નફરત ભરાઈ આવી હતી. એને બોધપાઠ આપવા તેઓ કેટલાય સમયથી તક શોધી રહ્યાં હતા. પરંતુ એમાં એમને સફળતા મળતી નહોતી. કારણ કે સ્ટીવેંસ પોતાના પર તોળાઈ રહેલા જોખમથી એકદમ સતર્ક હતો. એણે પોતાની આસપાસ કડક સુરક્ષા બંદોબસ્ત ગોઠવ્યો હતો. અદાલતમાં એ ભાગ્યે જ જતો હતો. ઘેર બેઠા જ અદાલતનું કામ કરતો. બંગલા પર હંમેશાં પોલીસ ગાર્ડ રહેતો. સ્ટીવેંસને કોઈ મળવા આવતું તો પૂરી તપાસ કર્યા પછી જ એને બંગલાની અંદર પ્રવેશ મળતો. આવું સુરક્ષાકવચ ભેદીને એને કઈ રીતે મારવો? આઠમા ધોરણમાં ભણતી સુનીતિએ સ્ટીવેંસને ઠાર કરવાનું બીડું ઝડપ્યું. ૧૪ ડિસેમ્બર, ૧૯૩૧ના રોજ બહેનપણી શાંતિ ઘોષને લઈને સુનીતિ બગીમાં બેસી સ્ટીવેંસનાં બંગલે પહોંચી ગઈ. ગાર્ડને તેણે કહ્યું, 'મારે જજસાહેબને મળવું છે.' પરંતુ ગાર્ડે તેને અંદર ના જવા દીધી. એક છોકરી દ્વારા આ બંને બાલિકા પાસે ફોર્મ ભરાવ્યું. સુનીતિએ ફોર્મમાં અસલી નામ ન લખતાં બનાવટી નામ લખ્યું. છોકરી આ ફોર્મ લઈને અંદર ગઈ. થોડીવારમાં એક એસ.ડી.ઓ. સાથે ખુદ જજ સ્ટીવેંસ બહાર આવી ચડ્યો. દરવાજા પાસે ઊભેલી સુનીતિએ તેને કહ્યું. 'અમે એક સ્પર્ધા કરવા માગીએ છીએ એના માટે શાસકીય વ્યવસ્થાનો તમારી પાસે સહયોગ માગવા આવ્યા છીએ.' આટલું કહી સુનિતિએ જજના હાથમાં એક લેખિત પત્ર આપ્યો. જજ આ પત્ર લઈને પોતાની રૂમમાં ગયો. તેના પર 'પ્રાધ્યાપિકા આપના અભિમત દે.' એવું લખીને પાછો બહાર આવ્યો. સુનીતિને આ પત્ર આપીને દરવાજેથી જ રવાના કરી દેવા માગતો હતો. પરંતુ એ જેવો સુનીતિને પત્ર આપવા ગયો કે સુનીતિએ પોતાના પર્સમાંથી પિસ્તોલ કાઢીને ધડાધડ બે ગોળીઓ એની છાતીમાં ધરબી દીધી. ગોળી ખાઈને સ્ટીવેંસ અંદર ભાગ્યો. પરંતુ બે ગોળી એના મોત માટે કાફી થઈ પડી. કમરામાં જ એ ઢળી પડ્યો. એસ.ડી.ઓ. અને બીજા પહેરેદારોએ સુનીતિ અને શાંતિને પકડી લીધી. તેમના પર મુકદમો ચલાવવામાં આવ્યો. ૨૭, જાન્યુઆરી ૧૯૩૨ના રોજ ફૅસલો સંભળાવવામાં આવ્યો. સુનીતિની ઉંમર ફાંસીએ ચડવા જેટલી (અઢાર વર્ષ) નહિ હોવાથી તેને આજીવન કારાવાસની સજા કરવામાં આવી. ઝવેરચંદ મેઘાણીએ તો કદાચ પછીથી 'ચૌદ વરસની ચારણકન્યા' કવિતા લખી હશે. ત્યાર પહેલાં આ ચૌદ વરસની ચૌધરી કન્યા અંગ્રેજ સરકારના અધિકારીને ભારે થઈ પડી.

બહેનપણી શાંતિ ઘોષને લઈને સુનીતિ બગીમાં બેસી સ્ટીવેંસનાં બંગલે પહોંચી ગઈ. ગાર્ડને તેણે કહ્યું, 'મારે જજસાહેબને મળવું છે.' પરંતુ ગાર્ડે તેને અંદર ના જવા દીધી. એક છોકરી દ્વારા આ બંને બાલિકા પાસે ફોર્મ ભરાવ્યું. સુનીતિએ ફોર્મમાં અસલી નામ ન લખતાં બનાવટી નામ લખ્યું.

- જિતેન્દ્ર પટેલ



Nature's Support for Living Beings: The Nitrogen Cycle

Earth's atmosphere contains many gases, including oxygen, carbon dioxide, and nitrogen. Among these, nitrogen is the most abundant, making up 80 percent of the air. Every living being, from plants to humans, needs nitrogen to survive, yet this 80 percent nitrogen present in the air cannot be used directly for this purpose. Although the air we breathe in contains a lot of nitrogen, our bodies cannot use it. Animals and humans get the nitrogen their bodies need from food. Plant-based foods like grains, fruits, and vegetables contain nitrogen. Plants absorb nitrogen from the soil through their roots. Bacteria living in the soil convert nitrogen into nitrates, which act as food for the plants. Many life-sustaining chemicals are formed from this.

Nature has created a nitrogen cycle to sustain life on Earth. Animals obtain nitrogen by eating plants and return it to the soil through their waste. When an animal dies, the nitrogen in its body also mixes back into the soil. Similarly, when leaves fall from plants onto the ground, the nitrogen in them is absorbed into the soil. In this way, nitrogen continuously circulates from the bodies of animals into the soil, from the soil into plants, and from plants back into animals through food. Thus, this natural cycle keeps running, and scientists call it the Nitrogen Cycle.

ઓડિશાની પ્રાચીન ઉદયાગિરિ-ખંડગિરિની ગુફાઓ



ઓડિશાના ભુવનેશ્વર નજીક આવેલ ઉદયગિરિની ગુફાઓ નામની બીજી સદીમાં બનેલી પ્રાચીન ગુફાઓ સહેલાણીઓના આકર્ષણનું સ્થળ છે. ઉદયગિરિમાં ૧૮ અને ખંડગિરિમાં ૧૫ વિશાળ ગુફાઓ છે. પ્રાચીન કાળમાં આ સ્થળ કુમારી પર્વત તરીકે ઓળખાતું. ઉદયગિરિ પર ખારાવેલા નામના રાજાએ કુલ ૧૧૭ ગુફાઓ કોતરાવેલી. તેમાં ગણેશ ગુફા અને હાથી ગુફા પ્રસિધ્ધ છે. દીવાલો પર અજન્તા અને ઇલોરા ગુફાઓ જેવા શિલ્પો જોવા મળે છે. ગુફાઓમાં દીવાલો પર જૈન ધાર્મિક શિલાલેખો કોતરાયેલા છે એટલે તેનું ઐતિહાસિક અને ધાર્મિક મહત્વ છે.ઉદયગિરિ રાણી ગુફા જોવા જેવી છે. બહુ ભવ્ય નથી. પણ તેના શિલ્પો જોવા જેવા છે. બે માળની ગુફામાં સાત પ્રવેશદ્વાર છે. ગુફામાં દ્વારપાળ, નૃત્યાંગના, કૂચ કરતા સૈનિકો વગેરેના સુંદર શિલ્પો આજે પણ જોવા મળે છે. આ ઉપરાંત છોટા હાથી, અલકાપુરી, ઠાકુરાણી, જયવિજય, પાતાલપુત્રી જેવી ગુફાઓ પણ જોવા જેવી છે.



હાઈડ્રોલિક સિસ્ટમ શું છે?

બુલડોઝર અને ક્રેન જેવા સાધનો પ્રચંડ વજન ઊંચકતા હોય છે. આપણને નવાઈ લાગે બુલડોઝરની આટલી બધી તાકાત ક્યાંથી આવતી હશે? ભારે વજન ઊંચકતા આ સાધનોમાં હાઈડ્રોલિક સિસ્ટમ હોય છે. નળાકારમાં ભરેલા કોઈપણ પ્રવાહીની ઉપર દબાણ કરીએ તો તે દબાણ પ્રવાહીમાં ચારેતરફ ફેલાય છે. જો આ નળાકારમાં બીજી પાંચ નળીઓ જોડવામાં આવે તે નળાકારમાં આપેલું દબાણ પાંચ ગણું થઈને મળે છે. આ નિયમ પાસ્કલ નામના વિજ્ઞાનીએ શોધેલો. બુલડોઝર અને ક્રેનમાં વપરાતી હાઈડ્રોલિક સિસ્ટમના નળાકારમાં ઓઈલ ભરેલું હોય છે. સાંકડી નળીમાં ભરેલા ઓઈલનું ઉપરનું દબાણ પહોળી નળીમાં જતા અનેકગણું થઈ જાય છે. આમ, બુલડોઝરને શક્તિ મળે છે.

આપણા કાન અવાજ કેવી રીતે સાંભળે છે?



આપણી આસપાસ ઘણી જાતના અવાજો થતાં જ રહે છે. પૃથ્વીનું વાતાવરણ જાતજાતના અવાજોથી ભરાયેલું છે. આપણે ન જોવું હોય ત્યારે આંખો બંધ કરી શકીએ પણ કાન આ અવાજ કેવી રીતે સાંભળે છે તે જાણો છો? અવાજ તરંગો દ્વારા વાતાવરણમાં ફેલાય છે. આપણા કાનની બાહ્ય રચના અવાજને કેન્દ્રિત કરીને ગ્રહણ કરે છે. અવાજના મોજાં કાનમાં પ્રવેશીને મધ્યકર્ણમાં જાય છે. મધ્યકર્ણ એટલે કાનનો વચ્ચેનો ભાગ કે જે ગળાની ઉપરના ભાગે ખોપરી નીચે હોય છે. મધ્યકર્ણના છેડે પાતળી ચામડી જેવો પડદો હોય છે. આ પડદો અનાજના તરંગોથી ધ્રૂજે છે. એટલે અવાજ ધ્રુજારીના તરંગો થઈ આગળ વધે છે. અવાજના આ તરંગો અંત:કર્ણમાં પહોંચે છે. અંત:કર્ણમાં ખૂબ જ નાજુક અને નાનકડા ત્રણ હાડકાં હોય છે. એરણ, હથોડી અને પેગડા આકારના આ હાડકાં અવાજના તરંગોથી ધ્રૂજે છે. અને તેની સાથે જોડાયેલા જ્ઞાનતંતુઓ અવાજને ઓળખીને મગજમાં મોકલે છે.

How Do We Speak Different Words?

Our voice is produced in the voice box (larynx) located in the throat. Inside the voice box, fine cords are arranged parallel to each other. When air passes through them, they vibrate and produce sound. The tongue, teeth, and palate are useful in shaping this sound into different letters and words. Since our mother tongue is Gujarati, we use the Kakko (consonants) and Barakhadi (vowel combinations) to speak words. The tongue helps in pronouncing every letter of the alphabet. Letters like Ka, Kha, Ga are spoken from the throat while keeping the mouth open. When speaking letters like Cha, Chha, the tongue touches the area between the teeth and the palate, which is known as the Murdhanya (retroflex/palatal region). Letters like Pa, Pha, Ba are pronounced by keeping the lips closed, while for letters like Ta, Dha, Da, the tongue touches the teeth. There is a special center in the brain responsible for understanding, speaking, and learning language, and the way we speak words is closely connected to the structure of our mouth.

ડોલ્બી સ્ટિરિયો સિસ્ટમ શું છે?



ફિલ્મોમાં અવાજની વધુ ગુણવત્તાવાળી ડોલ્બી સાઉન્ડ સિસ્ટમ જાણીતી છે. ડોલ્બી સિસ્ટમ ૧૯૬૭માં રેમન ડોલ્બી નામના અમેરિકને શોધેલી. ફિલ્મના સાઉન્ડમાંથી બિનજરૂરી ઘોંઘાટ આ સિસ્ટમ દૂર કરે છે. ફિલ્મના શુટિંગ દરમિયાન અવાજનું રેકોર્ડિંગ કરતી વખતે યંત્રોના ઝીણા અવાજ, પવનના સુસવાટા, પંખા કે એ.સી.ના સૂક્ષ્મ અવાજ પણ ભરેલા કોઈપણ પ્રવાહીની ઉપર દબાણ કરીએ તો તે દબાણ પ્રવાહીમાં ચારેતરફ ફેલાય છે. જો આ નળાકારમાં બીજી પાંચ નળીઓ જોડવામાં આવે તે નળાકારમાં આપેલું દબાણ પાંચ ગણું થઈને મળે છે. આ નિયમ પાસ્કલ નામના વિજ્ઞાનીએ શોધેલો. બુલડોઝર અને ક્રેનમાં વપરાતી હાઈડ્રોલિક સિસ્ટમના નળાકારમાં ઓઈલ ભરેલું હોય છે. સાંકડી નળીમાં ભરેલા ઓઈલનું ઉપરનું દબાણ પહોળી નળીમાં જતા અનેકગણું થઈ જાય છે. આમ, બુલડોઝરને શક્તિ મળે છે.



વિશ્વના વિજ્ઞાનીઓ

Discoverer of Chloroform: James Young Simpson



When a patient undergoes an operation, they are made unconscious by inhaling chloroform so that they do not feel any pain. Surgery during an operation is very painful. If a patient remains conscious, they might struggle and get terrified seeing the surgery, which is why making them unconscious is necessary. In earlier times, operations were performed without making patients unconscious, and because of this, many patients died. A scientist named James Simpson discovered the use of chloroform. After that, performing operations became much easier. Today, many methods have been developed to keep a patient unconscious for a desired period. Before an operation, the patient is made unconscious by a specially trained anesthetist.

James Simpson was born on June 7, 1811, in the village of Bathgate, Scotland. His father was an accountant in the Royal Bank. Born into a wealthy family, James was admitted to the University of Edinburgh at the age of just 14. After completing his education in 1832, he joined the same university as a professor, becoming the youngest professor there. He became a doctor at the age of just 18. James Simpson was a scholar and always surrounded himself with educated people. In 1847, he discovered the use of inhaling chloroform to induce temporary unconsciousness. He first tested chloroform on himself and remained unconscious for twelve hours. He passed away on May 6, 1870. He became famous for this life-saving discovery, and there are many memorials dedicated to him in England.

પક્ષીઓના પગની રચનામાં વૈવિધ્ય

